જીવાતા હોય તેવા ઉપદેશો સૌથી સારા હોય છે, શીખવાડાતા હોય તેવા નહીં
- મુનિ ચંદ્રશેખરજી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૧૪ | ૧૫ ઓક્ટોબર, ૨૦૧૪, બુધવાર ; આસો વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## આજથી મતદારયાદી સુધારણા

### ૧૫ ઓક્ટોબર અને ૨જી નવેમ્બરના રોજ ખાસ ઝુંબેશ

### કલેક્ટર કચેરી ખાતે ખાસ હેલ્પલાઈન પણ શરૂ કરાઈ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં આજથી મતદાર યાદી સુધારણા ઝુંબેશનો ખાસ કાર્યક્રમ શરૂ થઈ રહ્યો છે. આ ઝુંબેશના પ્રથમ દિવસે મતદાર યાદીનો ડ્રાફ્ટ રોલ પણ પ્રસિદ્ધ કરવામાં આવશે.

૧૫-૧૦-૨૦૧૪થી શરૂ થઈ રહેલ આ મતદાર ઝુંબેશ સુધારણા કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કલેક્ટર કચેરીમાં ખાસ હેલ્પલાઈન પણ શરૂ કરવામાં આવી છે. જેના પર મતદારયાદીમાં નામ છે કે નહિ તેની ચકાસણી કરી શકાશે. આ હેલ્પલાઈનનો નંબર ૨૩૨-૫૧૨૪૩ છે.

મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં ૧-૧-૨૦૧૫ની સ્થિતિએ ૧૮ વર્ષ પૂર્ણ થતા હોય તેવા મતદારોના નામ દાખલ કરવા ઉપરાંત મતદારયાદીમાં સુધારણા માટેની નિયત ફોર્મ ભરી રજુઆત કરી શકાશે.

મતદાર યાદી સુધારણા ઝુંબેશ અંતર્ગત ૧૯ ઓક્ટો. અને ૨ નવેમ્બરના રોજ ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. જેમાં બુથ લેવલ ઓફિસર્સ જે તે બુથ પર સવારે ૯ થી સાંજના ૬ સુધી બેસી અને નિયત ફોર્મમાં ભરેલા અરજીફોર્મ સ્વીકારશે.

મતદારયાદીમાં નોંધણી માટે ફોર્મ નં. ૬ અને અન્ય ફોર્મ જે તે માલતદાર કચેરી તેમજ મતદાર સહાયતા કેન્દ્ર પરથી ઉપલબ્ધ બનશે.

● અનુસંધાન પાન-૭ પર



સુશોભન - ઉલ્લાસ અને આનંદની અભિવ્યક્તિનું પર્વ એટલે દિવાળી પર્વ... અને દિવાળીના આગમન સાથે જ રંગબેરંગી પ્લાસ્ટીકની ફુલદાની બજારમાં પોતાનું આગવું આકર્ષણ જમાવે છે... ઘર-ઘરના દીવાનખંડમાં પ્લાસ્ટીકની ફુલદાની એક આગવા મીજાજ સાથે અતિથિઓને આવકારે છે... ઘરના વાતાવરણને રંગોથી ભરી દે એવી આ નાનકડી ફુલદાની જીવનના રંગોને પ્રગટાવવા માટે નિમિત્ત બને છે...

## સેક્ટર ૭ પોલીસ સ્ટેશનના નવા પી.આઈ. એલ.બી. મોણપરા

### જે.એમ. ભરવાડની બદલી થતા છુટા કરાયા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.એમ. ભરવાડની બદલી બરોડા સીટીમાં થઈ હતી. જેનો પગલે આજે ગાંધીનગર જિલ્લામાંથી તેમને છુટા કરવામાં આવ્યા છે. અને સે. ૭ પોલીસ સ્ટેશનના નવા પી.આઈ. તરીકે એલ.બી. મોણપરાની અને માણસા પી.આઈ. તરીકે એ.એસ. પટણીની નિમણુંક કરવામાં આવી છે. ગુરૂવારે સે. ૭ પોલીસ સ્ટેશનનો ચાર્જ એલ.બી. મોણપરા સંભાળે તેવી શક્યતા છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

દિપાવલી આગમન - દિપાવલીના આગમનને આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે પ્રકાશ પર્વ ઉજવવા માટે બજારમાં દીવા છલકાયા છે... કોડીયામાં થતાં દીવા હવે વિવિધ આકાર અને વિવિધ રંગબેરંગી સજાવટ સાથેના દીવા ઉપલબ્ધ બન્યા છે... મીણબત્તી પણ અનેક આકારમાં અને રંગોમાં ધૂમ મચાવે છે... તો ચાઈનીઝ દીવા પણ પોતાનું સ્થાન ગજબ રીતે જમાવી રહ્યા છે... પ્રકાશને પ્રસરાવવા માટેના માધ્યમો પણ સ્પર્ધાત્મક માહોલમાં પ્રવેશ્યા છે... તમસોમા જ્યોર્તિય ગમયઃ વેદ મંત્રને માહોલ બનાવવા માટે આંગણે-આંગણે દીવા મુકાશે... આવો ઉજાસને પાથરીએ... અંતરના દ્વારેથી ઉજાસને જીવનના અંગેઅંગમાં પ્રસરાવીએ...

## રાજ્યના બે બોર્ડ-નિગમોના ચેરમેનને પદમુક્ત કરાયા

### અનુસુચિત જાતિ વિકાસ નિગમ અને વકફ બોર્ડના ચેરમેનને મેનેજીંગ ડીરેક્ટર દ્વારા મુદત પુરી થયાની જાણ કરાતાં જાગેલી ચર્ચા

ગાંધીનગર, તા. ૧૪

રાજ્ય સરકાર હસ્તકના બે નિગમોના ચેરમેનોને તેમની મુદત પુરી થતા નિગમના એમ.ડી. દ્વારા પત્ર લખીને છુટા થવાનું જણાવતા રાજકારણમાં હલચલ મચી જવા સાથે બોર્ડ-નિગમોના ચેરમેનોમાં નારાજગી ઉઠવા પામી છે.

રાજ્યના નાણા વિભાગ દ્વારા તાજેતરમાં જ બોર્ડ-નિગમોના ચેરમેન તરીકે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતી નિમણુંકોની મુદત ૩ વર્ષની નક્કી કરતા ઠરાવ કરવામાં આવ્યો છે.

આ ઠરાવના આધારે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના એમ.ડી. એ એક પત્ર લખીને આ નિગમના ચેરમેન ઝવેરભાઈ ચાવડાને તેમની મુદત પુરી થતી હોઈ પદમુક્ત થવાની જાણ કરી હતી. આજ રીતે વકફ બોર્ડના ચેરમેનને પણ પદમુક્ત કરવામાં આવ્યા છે.

નિગમના એમ.ડી. દ્વારા ભરવામાં આવેલા આ પગલા અંગે સખત નારાજગી વ્યક્ત કરતાં અનુસૂચિત જાતિ કોર્પોરેશનના ચેરમેન ઝવેરભાઈ ચાવડાએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે અમારી નિમણુંક સરકારે કરી છે. નિગમના એમ.ડી.ને આ પગલા ભરવાની કોઈ જ સત્તા નથી.

તેમણે જણાવ્યું હતું કે નિગમના એમ.ડી. દ્વારા ભરાયેલ આ પગલા અંગે હું વિભાગના મંત્રીને તેમજ સરકાર સમક્ષ રજુઆત કરવાનો છુ. તેમણે જણાવ્યું હતું કે હું આ નિગમના ચેરમેન તરીકે ચાલુ જ રહેવાનો છુ. સરકાર કે પક્ષ મને આદેશ કરશે તો તુરત જ હું પદ છોડી દઈશ.

બે નિગમોના ચેરમેનોને મુદત પુરી થતા તેમને છુટા કરવાના નિગમના એમ.ડી. દ્વારા લેવાયેલા નિર્ણયથી રાજકીય હલચલ મચી જવા સાથે બોર્ડ-નિગમોના ચેરમેનોમાં નારાજગી ઉઠવા પામી છે. આજે દિવસભર સચિવાલયમાં બે નિગમોના ચેરમેનોને પદ પરથી હટાવાયાની ઘટનાની ચર્ચાઓ થતી જોવા મળી રહી હતી.

## દિવાળી પહેલા બોર્ડ-નિગમોમાં ચેરમેન-ડીરેક્ટરો નિમાશે

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યના અંદાજે ૨૦ જેટલા બોર્ડ-નિગમોમાં દિવાળીના તહેવારો દરમ્યાન ચેરમેન ડીરેક્ટરોની નિમણુંકો કરવા માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ બોર્ડ નિગમોમાં ચેરમેન-ડીરેક્ટરોની નિમણુંક માટે રાજ્ય સરકાર દ્વારા ભાજપ સંગઠન સાથે પરામર્શ કરીને નામોની એક યાદી તૈયાર કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેટલાક બોર્ડ-નિગમોના ચેરમેનોની મુદત ત્રણ વર્ષ પુરી થઈ જવા પામી છે. ચેરમેનોની મુદત સરકારે ત્રણ વર્ષની કરતાં આવા બોર્ડ નિગમોના ચેરમેનોને ફરી નિમણુંક આપવાને બદલે તેમના સ્થાને નવા ચેરમેનોની નિમણુંક કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

આ ઉપરાંત ૨૦ જેટલા બોર્ડ-નિગમોમાં ચેરમેન ડીરેક્ટરોની નિમણુંક માટેની કવાયત હાથ ધરવામાં આવી છે અને આગામી દિવાળીના તહેવારો પહેલા અથવા તો લાભ પાંચમ બાદ બોર્ડ-નિગમો ચેરમેન ડીરેક્ટરોની નિમણુંક કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. રાજ્ય સરકારે ચેરમેનની મુદત ૩ વર્ષ કરતાં હવે બોર્ડ-નિગમોમાં ૩ વર્ષ ચેરમેન બદલવામાં આવે તેવી પણ શક્યતા છે.

## આજે સ્વચ્છતા મિશનની સમીક્ષા

### જિલ્લાના અધિકારીઓ સાથે આજે પ્રભારી સચિવ સ્વચ્છતા મિશનની સમીક્ષા કરશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના પ્રભારી સચિવ શ્રી મહાવીરસિંહ ડાગુરના અધ્યક્ષ પદે સ્વચ્છતા મિશન અંતર્ગત થયેલ કામગીરી તેમજ ગતિશીલ ગુજરાતના બીજા તબક્કાની કામગીરી માટે એક ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

૨જી ઓક્ટોબરના રોજ જિલ્લામાં યોજાયેલ સ્વચ્છતા મિશન અંતર્ગત થયેલ કામગીરી બાદ પંચાયત વિભાગે પણ બીજા તબક્કાનું ખાસ કરીને ૧૩-૧૦-૨૦૧૪ થી ૨૯-૧૦-૧૪ સુધી યોજેલ સ્વચ્છતા મિશનની કામગીરી અંગે આ બેઠકમાં ચર્ચાઓ થશે.

મળતી વિગતો મુજબ દિપાવલીના પર્વો દરમ્યાન ખાસ સ્વચ્છતા અભિયાન હાથ ધરવાનું આયોજન છે. આ માટેની રૂપરેખા પણ જિલ્લાતંત્ર આજની બેઠકમાં તૈયાર કરશે તેમ મનાઈ રહ્યું છે.

રાજ્ય સરકારે ગતિશીલ ગુજરાતની સફળતા બાદ વધુ સમય માટે તેને લંબાવવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત કેટલાક નવા લક્ષ્યાંકો પણ જિલ્લા માટે નિયત કરવામાં આવ્યા છે. તેની પણ ચર્ચા તેમજ ગતિશીલ ગુજરાત અંતર્ગત જિલ્લામાં થયેલ કામગીરીની સમીક્ષા પણ આ બેઠકમાં કરવામાં આવશે.

સ્વચ્છતા મિશનની કામગીરી ઉપરાંત ગતિશીલ ગુજરાતના બીજા તબક્કા માટે જિલ્લાકક્ષાએ યોજાનારી આ મહત્વની બેઠકને લઈ જિલ્લાતંત્ર તેની તૈયારીમાં વ્યસ્ત બન્યું છે.

દરમ્યાન સ્વચ્છતા મિશન અંગે આજે જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે પણ ખાસ સમીક્ષા કરી હતી. જિલ્લામાં થયેલ કામગીરી અંગે વિશેષ પ્રેઝન્ટેશન પણ દરેક વિભાગોને તૈયાર કરવાની સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

**દિવાળી સ્પેશ્યલ**

| | |
|---|---|
| **રેલવે + ૨ X ૨ લકઝરી બસ, હોટલ બુકીંગ** | |
| સ્પે.કાશ્મીર-સોનમર્ગ-ગુલમર્ગ-પહેલગામ-શ્રીનગર | દિ.૧૧ |
| સ્પે. હિમાચલ-શીમલા-મનાલી-ડેલહાઉસી | દિ.૧૧ |
| **૩ X ૨ લકઝરી બસ, જનરલ** | |
| ૨૩,૨૪,૨૮ - કચ્છ યાત્રા | દિ.૪ |
| ૨૪,૨૬,૨૮ - સૌરાષ્ટ્ર યાત્રા | દિ.૬ |
| **૩ X ૨ લકઝરી બસ, હોટલ બુકીંગ** | |
| ૨૩,૨૪,૨૫,૨૮ - રોયલ રાજસ્થાન | દિ.૭ |
| ૨૩,૨૪,૨૫,૨૮ - નાશિક-શીરડી-મુંબઈ | દિ.૭ |
| **૨ X ૧ સ્લીપર કોચ લકઝરી બસ, હોટલ બુકીંગ** | |
| ૨૨,૨૪,૨૮ - ઉત્તર ભારતયાત્રા | દિ.૯ |
| ૨૫, ૩૦ - ઉજ્જૈન-પંચમઢી-ઓમકાળેશ્વર | દિ.૬ |
| ૨૧,૨૩,૨૪,૨૫ - ગોવા-મહાબળેશ્વર-લોનાવાલા | દિ.૯ |
| ૧૯,૨૮ - ૭ જ્યોર્તિલિંગ સાથે દ.ભારત | દિ.૨૧ |
| ૨૦,૨૯ - ગંગાસાગર-જગન્નાથપુરી-નેપાળ | દિ.૨૩ |
| પાલનપુર-૯૮૯૮૪૫૪૨૩૯ | ઊંઝા-૯૪૨૮૩૮૪૮૧૮ |
| વિસનગર-૯૪૨૬૦૦૫૨૭૫ | પાટણ-૯૪૦૮૧૪૨૮૧૭ |

**કૃણાલ ટ્રાવેલ્સ**

૫/એ, અગ્રવાલ સેન્ટર, ફર્સ્ટ ફ્લોર, ઈન્કમટેક્ષ, આશ્રમ રોડ, અમદાવાદ
૦૭૯-૨૭૫૪૨૭૨૫ ● મો. ૯૪૨૮૦૦૯૨૯૯, ૯૪૦૯૪૬૫૦૫૧







**LED, LCD & Colour TV રીપેરીંગ**

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

